આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૯૭ | ૧૬ જૂન ૨૦૧૨, શનિવાર, જયેષ્ઠ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

શ્રીમંત થવું સરળ છે, પણ સજ્જન થવું કઠિન છે
- રણછોડદાસજી મહારાજ

જિલ્લા આયોજન મંડળ ૮૩૧ વિકાસ કામો મંજૂર કરશે

જિલ્લા આયોજન મંડળની સોમવારે બેઠક : રૂ. ૮ કરોડથી વધુ ખર્ચના અંદાજોના ૮૩૧ વિકાસ કામો અંગે ચર્ચા વિચારણા કરી બહાલ રાખવામાં આવશે, પ્રથમવાર નગરપાલિકા વિસ્તારમાં પણ આયોજન મંડળના કામો હાથ ધરાશે, બે મહિનાના વિલંબથી મળતી બેઠકને કારણે વિકાસ કામો વિલંબથી શરૂ થશે

ગાંધીનગર, તા.૧૫

નવા નાણાંકીય વર્ષનો પ્રથમ ત્રિમાસિક ગાળો પૂર્ણ થવામાં છે ત્યારે જિલ્લા આયોજન મંડળની બેઠક આગામી ૧૮ જુનના રોજ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણના અધ્યક્ષપદે કલેકટર કચેરી ખાતે મળશે.

આ બેઠકમાં ૮ કરોડ ૮૭ લાખના કામો હાથ ધરવા માટેના આયોજનને મંજૂરી આપવામાં આવશે. જિલ્લા તંત્રને આ માટે ૮૩૧ જેટલા કામો તાલુકા કક્ષાએથી સૂચવાઈને આવ્યા છે. આમ તો મૂળ આયોજન રૂ. ૬ કરોડ ૨૫ લાખનું કરવાનું થાય છે પણ દર વર્ષે આયોજન સવાયું અથવા દોઢું સૂચવવામાં આવતું હોય છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૪ કરોડ ૯૭ લાખની જોગવાઈ હેઠળના કામો સૂચવવાની જે દરખાસ્તો મળી છે તે રૂ. ૬ કરોડ જેટલી છે અને તેમાં ૬૨૦ જેટલા કામો સૂચવવામાં આવ્યા છે.

વિવેકાધીન ખાસ અંગભૂત યોજના હેઠળ ૧૪૭ કામોની ૧ કરોડ ૪૭ લાખની દરખાસ્તો આવી છે. આ ગ્રાન્ટ રૂ. ૬૬ લાખ જેટલી હોય છે.

૧૩મા નાણાં પંચ અંતર્ગત જિલ્લાને ફાળવવામાં આવતી ખાસ પ્રોત્સાહક ગ્રાન્ટ રૂ. ૫૦ લાખના ૪૯ જેટલા કામોની દરખાસ્તો મળવા પામી છે. તો ભૌગોલિક રીતે પછાત વિસ્તારના વિકાસ માટે ફાળવવામાં આવેલ રૂ. ૧૨ લાખની ગ્રાન્ટ સામે રૂ. ૧૪.૯૦ લાખના અંદાજિત ખર્ચ સાથે ૧૫ કામોની દરખાસ્ત તંત્રને મળી છે.

સામાન્યતઃ એપ્રિલના પ્રથમ પખવાડિયામાં જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાતી હોય છે પણ જિલ્લામાં માણસાની પેટા ચૂંટણી તેમજ પંચાયતોની બીજા તબક્કાની ચૂંટણીઓની આચાર સંહિતાને પગલે આ બેઠક આ વર્ષે પ્રથમ ત્રિમાસિક ગાળો સંપન્ન થવા આવ્યો છે ત્યારે યોજાઈ રહી છે.

આ બેઠકમાં પ્રાથમિક મંજૂરી અપાયા બાદ તેની વહીવટીય અને તાંત્રિક મંજૂરીમાં ચોમાસાનો સમય પસાર થતાં કામ ડિસેમ્બર અથવા જાન્યુઆરીમાં શરૂ થશે. આમ જિલ્લામાં પ્રથમવાર વિકાસના કામો વિલંબથી શરૂ થશે અને તે માટે આચારસંહિતાનો અમલ નિમિત્ત બનશે.

જો કે આયોજન મંડળની બેઠક માટે જે કામો સૂચવવામાં આવ્યા છે તેમાં પાણી, ગટર અને રસ્તાના કામોનો હિસ્સો ઘણો મોટો છે. મળતી વિગતો પ્રમાણે ૧૫ ટકા જેટલા ગટરના અને ૧૨ ટકા જેટલા કામો પાણી પુરવઠાના સૂચવાયા છે તો ૪૦ ટકા જેટલા કામો રસ્તાના સૂચવવામાં આવ્યા છે.

રાજય સરકારે પ્રથમ જ વખત નગરપાલિકા વિસ્તારોમાં પણ આયોજન મંડળના કામો હાથ ધરી શકાય તે માટે ખાસ ગ્રાન્ટ ફાળવી છે અને તે મુજબ જિલ્લાની ચાર

● અનુસંધાન પાન-૫ પર

નવા નાણાંકીય વર્ષમાં વિકાસના કામો માટે ધારાસભ્યોનું વલણ ઉદાસીન

જિલ્લાના ચાર ધારાસભ્યોમાંથી માત્ર બે જ ધારાસભ્યોએ ૬ લાખના ૬ વિકાસકામો જ સૂચવ્યા છે

ગાંધીનગર, તા. ૧૫

૨૦૧૨ એ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓનું વર્ષ હોવા છતાંય હજુ જિલ્લાના ધારાસભ્યો દ્વારા તેમના વિસ્તારોમાં વિકાસના કામો સૂચવવા માટેનું વલણ ઉદાસીન રહેવા પામ્યુ છે.

રાજય સરકાર વિસ્તારમાં વિકાસના કામો ધારાસભ્યશ્રી દ્વારા સૂચવવામાં આવે અને હાથ ધરવામાં આવે તે માટે દર વર્ષે ધારાસભ્ય દીઠ રૂ. ૫૦ લાખની રકમ ફાળવવામાં આવે છે.

ચાલુ નાણાંકીય વર્ષમાં જિલ્લાના ચાર ધારાસભ્યોમાંથી માત્ર બે જ ધારાસભ્યોએ માત્ર ને માત્ર ૬ કામો જ સૂચવ્યા છે અને તેનો ખર્ચ પણ અંદાજે રૂ. પાંચ થી છ લાખ જેટલો થતો હોવાનું જાણવા મળેલ છે. જે માં દહેગામના ધારાસભ્ય કલ્યાણસિંહ ચૌહાણે પાંચ કામ અને માણસાના શ્રી બાબુજી ઠાકોરે એક કામ સૂચવ્યું હોવાનું જાણવા મળેલ છે.

૨૦૧૦-૧૧ માં ધારાસભ્યોએ સૂચવેલા ૨૯૪ કામો પૈકી ૨૮૦ કામ પૂર્ણ થઈ ગયા છે જ્યારે ૫ કામો રદ કરવામાં આવ્યા છે અને નવ કામ હજુ પ્રગતિમાં હોવાનું જાણવા મળેલ છે.

૧૧-૧૨ના વર્ષ દરમ્યાન ધારાસભ્યોએ ૨૭૮ કામો સૂચવ્યા હતા અને તેને મંજૂરી પણ અપાઈ ગઈ છે જે પૈકી ૧૯૫ કામ પૂર્ણ થયા છે જ્યારે ૮૩ કામો પ્રગતિ હેઠળ છે.

આમ ચૂંટણીનું વર્ષ હોવા છતાંય એક તરફ વિકાસની વાતો જોરશોરથી થઈ રહી છે ત્યાં ચાલુ વર્ષમાં જ ધારાસભ્યોનું આ ઉદાસીન વલણ સૌની ચર્ચાનો મુદ્દો બન્યો છે. રાજકીય વર્તુળોમાં થતી ચર્ચાઓ મુજબ ધારાસભ્યો છેલ્લી ઘડીએ કામો સૂચવવાની માનસિકતા ધરાવતા હોવાને કારણે આ કામોમાં વિલંબ પણ થાય છે.

સાંસદો અને ધારાસભ્યો દ્વારા સૂચવાયેલા વિકાસના કામોની ધીમી ગતિને લઈ તાજેતરમાં સાંસદ હરિન પાઠક જિલ્લા કલેક્ટર કચેરી દોડી આવ્યા હતા જે ઉલ્લેખનીય છે. તેમણે આ બાબતે અધિકારીઓ સાથે કેટલીક ગંભીર ચર્ચાઓ પણ કરી હતી.

સમરંગી મેઘધનુષ : મેઘધનુષ આકાશના સૌંદર્યની પરાકાષ્ટા છે.... ચિત્રની ભાષામાં મેઘધનુષ રંગોની ઓળખ છે... જ્યોતિષની ભાષામાં મેઘધનુષ મેઘરાજાની પધરામણીનો અણસાર છે.... પ્રેમની ભાષામાં મેઘધનુષનો અનોખો અર્થ અનુભવાય છે. મેઘધનુષથી વર્ષાઋતુનો વૈભવની અનુભૂતિ આકાશના માધ્યથી સમગ્ર વાતાવરણમાં વર્તાય છે. મેઘધનુષ જોવાની એક અનોખી મજા છે... વૃદ્ધો પણ બાળક બનીને મેઘધનુષ જુએ છે. રંગોની આ ઓળખસમા મેઘધનુષને માણવાનું માનવજાત માટે પર્વ છે. કોણે રંગો સજાવ્યા હશે ?! કોણે રંગોનું મેચીંગ કર્યું હશે ?! કોણે એ સીધી લીટીમાં સાતેય રંગોને સજાવ્યા છે?! એ પરમ શક્તિને પામવાની દોડમાં મેઘધનુષ એને ઓળખવાનો મૂકામ છે. પરમ તત્વનું અનોખું સૌંદર્ય એટલે મેઘધનુષ્યની અભિવ્યક્તિ. શુક્રવારે સાંજે ગાંધીનગરના ગગનમાં આકર્ષક મેઘધનુષ્યનું દૃશ્ય નિહાળવા ચોરેને ચૌટે નગરજનોએ મીટ માંડી હતી. **(તસવીર : દિપક જાની)**

ગાંધીનગર શહેરની શાળાઓમાં ફાયર સેફ્ટીના સાધનો અંગે તપાસ હાથ ધરાશે

ફાયરબ્રિગેડે સે. ૨૩ સ્થિત મમતા કોમ્પ્યૂટર ટ્રેનીંગ સેન્ટરમાં તપાસ કરતા સાધનોનો અભાવ હોવાનું માલુમ પડ્યું

ગાંધીનગર, તા. ૧૫

શહેરમાં સ્થિત શાળાઓમાં ફાયર સેફ્ટીના સાધનો અંગે ફાયરબ્રિગેડ દ્વારા તપાસ કરવામાં આવશે. જ્યારે આ મામલે બેદરકાર શાળાઓને નોટીસ આપવામાં આવશે. પ્રાથમિક તબક્કે સે. ૨૩ કડી કેમ્પસ સ્થિત મમતા કોમ્પ્યૂટર ટ્રેનીંગ સેન્ટરમાં ફાયર ટીમે ચકાસણી હાથ ધરતા ફાયરસેફ્ટીના એક પણ સાધનો ન હોવાનું ધ્યાને આવ્યું છે.

આગ-અકસ્માત વેળાએ જરૂરી થઈ પડતા ફાયરસેફ્ટીના સાધનોના મામલે શાળા કક્ષાએ કેવી દરકાર લેવાય છે તેનો તાગ મેળવી જરૂરી કાર્યવાહી હાથ ધરવા ગાંધીનગર ફાયર ઓફિસર મહેશ મોડની ટીમ દ્વારા આગામી દિવસોમાં નગરની શાળાઓમાં ચકાસણી હાથ ધરવામાં આવશે.

● અનુસંધાન પાન-૫ પર

ગુજરાત એવિયેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીમાં નવી નિમણૂકોનો પ્રારંભ

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતમાં સિવિલ એવિયેશન ક્ષેત્રે ઉંચી ઉડાન ભરવા

રાજ્ય સરકારે બનાવેલી સિવિલ એવિયેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીમાં નવી નિમણૂકોનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે.

સરકારે ૨૦૧૦માં આ કંપનીની સ્થાપના કરી હતી જેનો હેતુ રાજ્યમાં વિમાની સેવાઓ તેમજ એરપોર્ટ વ્યવસ્થાને મજબૂત બનાવવાનો છે. આ કંપનીમાં રાજ્યના ઉદ્યોગ વિભાગે મહત્વની છ જગ્યાઓ ભરવાની મંજૂરી આપી છે.

પ્રથમ તબક્કે ટેકનિકલ કામગીરી માટે ઉદ્યોગ વિભાગે ચીફ ફ્લાઈટ સેફ્ટિ ઓફિસરને માસિક ૪૦હજારના ફીક્સ પગારથી લેવાનું નક્કી કર્યું છે. એ સાથે માસિક ૩૫ હજારના ફીક્સ પગારથી ક્વોલીટી કન્ટ્રોલ આસીસ્ટન્ટની જગ્યા ભરવાના આદેશ કરી દેવામાં આવ્યા છે. ચીફ ફ્લાઈટ સેફ્ટિ ઓફિસરની જગ્યા માટેની લાયકાત નિવૃત્ત પાયલોટ અથવા એવિયેશન પ્રોફેશનલ હોય અને ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ હોય તેમને લેવામાં આવશે.

ક્વોલીટી કન્ટ્રોલ માટે બીએ એમઈએલની અથવા એરોનોટીકલ એન્જીનિયરીંગની ડીગ્રી ધરાવતા તેમજ એક વર્ષનો અનુભવ હોય તેવી વ્યક્તિને નિમણૂક અપાશે.

આદેશમાં જણાવવામાં આવ્યું છે કે આ જગ્યાઓ કરારના ધોરણે અને ફીક્સ પગારથી ૧૧ માસ માટે ભરવાની થાય છે અને તેમાં ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિયેશનના નોર્મ્સ લાગુ પડશે.

હવાઈ ઉડ્યન ક્ષેત્રના વિકાસ માટે પ્રથમવાર ચીફ ફ્લાઈટ સેફ્ટિ ઓફિસર અને ક્વોલીટી કન્ટ્રોલ આસીસ્ટન્ટને લેવાનો નિર્ણય

પ્રમુખસ્વામી મહારાજની તબિયત એકાએક લથડી

અમદાવાદ, તા.૧૫

સ્વામીનારાયણ સંપ્રદાયમાં આધ્યાત્મીક ગુરુ ૯૧ વર્ષીય પ્રમુખ સ્વામીની આજે સવારે તબીયત લથડતા સાલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આ અંગે સાલ હોસ્પિટલના પી.આર.ઓ ઉમાબક્ષીએ જણાવ્યું હતું કે આજે સવારે છ વાગે પ્રમુખ સ્વામી મહારાજને હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા અને ચકાસણીબાદ પેસમેકર મુકવામાં આવ્યું હતું. જો કે એકાદ કલાક બાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ત્યારબાદ તેઓ સ્વસ્થ થતાં તેમને શાહિબાગ ખાતેનાં સ્વામિનારાયણ મંદિર ખાતે ખસેડવામાં આવ્યા હતા.

જિલ્લામાં ૭૮ કાઉન્ટર્સ, બિલ્ડર્સ અને એન્જિનિયરનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ

દેશ કી શાન કામધેનુ TMT સ્ટીલ
FE 415 / 500 - ઈન્ટરનેશનલ ક્વૉલીટી
અલ્ટ્રાટેક સિમેન્ટ
સ્ટોકિસ્ટ
Build the trust
Since 1983
કૈલાસ ટ્રેડર્સ
Steel Tiger
(લોદરા વાલા)
ગોડાઉન સ્ટીલ સ્ટેશન
ખ-૨ ચોકડી
સેક્ટર-૪સી કોર્નર
૯૩૩/૨, સેક્ટર : ૩/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૭૩૮૯ / ૬૫૭૨૩૮૦૧ મો. ૯૮૨૫૯ ૪૭૮૭૮ / ૯૮૯૮૭ ૬૧૮૪૫ / ૯૯૯૮૪ ૭૩૨૦૦